રજુ થયા તારીખ –૦૩/૦૮/૨૦૨૩

રજીસ્ટરે લીધા તારીખ–૦૩/૦૮/૨૦૨૩

ફેસલ કર્યા તારીખ – ૦૩/૦૮/૨૦૨૩

અવધી–.....વર્ષ.....માસ......દિવસ

**સાગબારાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. સાગબારા**

ફોજદારી કેસ નં.૧૦૦૮/૨૦૨૩

આંક–૬

ફરિયાદી – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – દિલાવરભાઈ બહાદુરભાઈ તડવી

**ગુન્હો – એમ.વી.એકટ કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી**

**– ચુકાદો –**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપી સામે એમ.વી.એકટ કલમ–૧૮૫, ૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્ય કરવા અંગે પોલીસ દવારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવી છે.

**૨.** આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

**૩.** આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી / પ્લી રેકર્ડ કરતા ગુન્હો કબુલ હોવાનુ જણાવે છે અને ગુનાની કબુલાત પુરશીસ આપી તેઓનો પ્રથમ ગુનો હોવાનું તથા ગરીબ બાલ બચ્ચાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવી કે આવા પ્રકારનો ગુનો ન

કરવાની કોર્ટને બાહેંધરી અને ખાતરી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈઓની સમજ આપવામાં અવોલ છે. ત્યારે બાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વૈછીક જણાય છે. ઉપરાંત કેસા સંજોગો ધ્યાને લેતા તથા એમ.વી.એકટ કલમ- ૧૮૫, ૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧)(બી) ધ્યાને લેતાં તેમન સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ( **2005** GLR **709** ) ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે તેથી તમામ સંજોગો ધ્યાને લેતાં ન્યાયાના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

- આ કામના આરોપીને ક્રી.કોડની કલમ-૨૫૨ મુજબ એમ.વી.એકટ કલમ-૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧)(બી) મુજબ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી એમ.વી.એકટ કલમ-૧૮૫ મુજબના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા એમ.વી.એકટ કલમ-૩,૧૮૧ મુજબના ગુનામાં રૂ.૫૦૦/- (અંકે રૂ. પાંચસો રૂપિયા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૫૦૦(અંકે રૂ.પાંચસો પુરા)નો દંડ અને દંડની રકમ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.
- આરોપીએ કુલ દંડ રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર ) ભરપાઈ કરવો.
- મુદદામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે તથા જો કોઈ હુકમ ન થયેલ હોય તો મુદદામાલની માલીકીની ખરાઈ કરી તેના ખરા માલીકને મુદદામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના જામીન ૬ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૩/૦૮/૨૦૨૩ ( એલ.આઈ.ઈન્ગલે)

સ્થળ- સાગબારા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ